

માટલાની માંગ વધી - ગરમીનો પ્રકોપ વધવાની સાથે સમગ્ર રાજ્યમાં માટલાની માંગ વધી છે... ગરીબોનું ફ્રીજ ગણાતુ માટલુ તરસ છીપાવવાની ક્ષમતા ધરાવે છે... ફ્રીજ પાવરફુલ હોવા છતાં માટલાનું પાણી સંતોષ આપે છે... અને એટલે જ ઘરમાં બે કે ત્રણ ફ્રીજ હોય પરંતુ માટલું તો જોઈએ જ... શહેરમાં પણ આજકાલ માટલાની માંગ વધતા શહેરના જોડતા તમામ માર્ગો પર દરરોજ માટલા ભરીને આવતા માલવાહક વાહનો નજરે પડે છે...

# શહેરમાં ૮ લાખ લીટર પાણીનો વપરાશ વધ્યો

**પ્રતિદિન ૫૫ એમ એલ ડી જેટલો સપ્લાય આપવામાં આવે છે : શહેરમાં માથાદીઠ ૧૮૫ લીટર પાણીનો વપરાશ નગરજનો દેશમાં સૌથી વધુ પાણી વાપરે છે : ગરમીના દિવસોમાં પાણીની પોકારને ડામવા માટે પ્રતિદિન ૮ એમ એલ ડી સપ્લાય વધારી દેવાયો**

ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં આકરી ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ પણ વધ્યો છે. આક્રમક ગરમીથી સૌ કોઈ તોબા પોકારી ગયા છે. શહેરમાં આડા દિવસોમાં પણ પાણીનો ઉપયોગ વધુ થાય છે .જયારે ગરમીની ઋતુમાં પાણીનો વપરાશ વધવાની સાથે સેકટરોમાં પાણીની પોકાર પણ ઉઠવા પામે છે. શહેરમાં ગરમી સિવાયના દિવસોમાં પ્રતિદિન ૫૮ એમ એલ ડી પાણીનો વપરાશ થાય છે. ઉનાળામાં રોજ ૮ લાખ લીટર પાણીનો વધુ વપરાશ થાય છે. શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે નર્મદા તેમજ બોરનુ પાણી પણ સપ્લાય કરવામાં આવે છે. જો કે પાણીનો સપ્લાય વધારવા છતા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ પણ યથાવત છે.

ગાંધીનગરમાં વિકાસના નવા આયામો સાથે શહેરની વસતી વધવાની સાથે સકટરોમાં માળખાગત સુવિધાઓ પણ તબક્કાવાર અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. શહેરમાં પાણીના મામલે અગાઉ બેડાયુધ્ધની સ્થિતિ સર્જાતી હતી. જયારે દાયકા પુર્વે પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાની સાથે સે-૫ માં પાણીની નવી ટાંકીનુ નિર્માણ કરાયા બાદ સમગ્ર શહેરમાં કોમન સપ્લાય આપવાનુ શરૂ કરવામાં આવ્યુ છે. જેના લીધે પાણીની પોકાર પણ પ્રમાણમાં શાંત પડી છે. જો કે હજુ પાણી વિતરણ વ્યવસ્થાના મામલે લાઈન અપગ્રેડ કરવાની અનિવાર્યતા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. પરંતુ શહેરને સ્માર્ટ સીટી અન્વયે સમાવિષ્ટ કરતા આગામી દિવસોમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટેનો તખતો પણ તૈયાર થઈ રહ્યો છે. ત્યારે હાલ પણ પાણીનો માથાદીઠ વપરાશ સમગ્ર દેશમાં સૌથી વધુ ગાંધીનગરમાં થતો હોવાનુ સ્પષ્ટ થયુ છે. શહેરમાં માથાદીઠ ૧૮૫ લીટર પાણી રોજ વપરાય છે. જયારે ઉનાળાની ગરમીના દિવસોમાં પાણીની જરૂરિયાતને પહોંચી

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં પાણીના સપ્લાય માટે ૨૪ બોરનો ઉપયોગ

શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે શહેરમાં વધતી વસતી અને વિકાસને અનુલક્ષી પાણીની માંગ વધતા સેકટરોમાં બનાવયેલા બોરના આધારે પણ પાણીનો સપ્લાય વધારી દેવાયો છે. જેમાં નવા સેકટરોમાં અંદાજિત ૧૩ જેટલા બોર છે. જયારે જુના સેકટરોમાં પણ ૧૧ જેટલા બોર છે. સુત્રોના જણાંવ્યા મુજબ આ પૈકી બધા જ બોર ચાલુ હાલતમાં છે. નર્મદાના પાણી સાથે સેકટરોમાં આવેલા બોર પણ પાણીના સપ્લાય માટે ઉપયોગી થાય છે.

## સ્વર્ણિમ પાર્કને હરિયાળો રાખવા માટે ૩ એમ.એલ.ડી. પાણીનો વપરાશ

શહેરના સેકટરોમાં આકરી ગરમીના દિવસોમાં પાણીની જરૂરિયાતને પહોંચી વળવાનુ કામ મુશ્કેલ બન્યુ છે. જો કે આડા દિવસોની સાપેક્ષમાં તંત્ર દ્વારા વધુ પાણી સપ્લાય કરવામાં આવતુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.જયારે નગરની હરિયાળીને પણ બરકરાર રાખવા માટે પાણીની વિશેષ જરૂર પડે છે. નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત અને નગરજનો માટે આકર્ષણના કેન્દ્ર સમાન સ્વર્ણિમ પાર્કને હરિયાળો રાખવા પ્રતિદિન ૩ એમ એલ ડી જેટલા પાણીની જરૂરિયાત પુરી કરવામાં આવે છે. આ માટે સરગાસણ સ્થિત પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ તેમજ સ્વર્ણિમ પાર્કના ચાર બોરમાંથી પાણી સપ્લાય કરવામાં આવે છે.

## પ્રતિદિન લાખો લીટર પાણીનો બગાડ પણ ચિંતાનો વિષય

શહેરમાં પાણીનો વપરાશ છુટથી કરવા નગરજનો ટેવાયેલા છે. પાણીની જરૂરિયાતને સંતોષવા માટે સરકાર દ્વારા પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. જેની સામે વર્ષ દરમિયાન નજીવો વેરો ચુકવવામાં પણ ઉદાસીનતા સેવાઈ રહી છે. બીજીતરફ પાણીના વપરાશની સાથે તેનો બગાડ પણ ચિંતાનો વિષય છે. શહેરમાં સ્થિત સરકારી કચેરીઓ સાથે સેકટરોની સોસાયટીમાં પણ પાણીનો બગાડ વધુ થતો હોવાનુ રોજબરોજ જોવા મળી રહ્યુ છે. આ ઉપરાંત ગેરકાયદેસર જોડાણો પણ વધુ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં રોજ લાખો લીટર પાણીનો વેડફાટ આમ જ થઈ જતો હોવાનો અંદાજ છે. ત્યારે પાણીનો બગાડ અટકાવવા માટે પણ અનિવાર્ય પગલા લેવાય તે જરૂરી હોવાનો જનમત છે.

# ગરમીમાં ડેપોનો વહીવટ અત્યંત ઠંડો : વોટર કુલર હજુ રીપેરીંગમાં

ગાંધીનગર તા ૯

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોની સલાતમીની સાથે સુવિધાઓના નામે પણ મીંડુ છે. આકરી ગરમીમાં બંધ વોટર કુલરો હજુ સુધી ચાલુ ન થતા આમ નાગરિકોની સલામત સવારીના જોરે કરોડોની આવક કરતા ડેપો સંકુલમાં મુસાફરો ને ઠંડુ પાણી પણ નસીબ થતુ નથી. બંધ વોટર કુલરો હજુ સુધી રીપેરીંગમાંથી આવ્યા નથી. ગરમીમાં વટેમાર્ગુઓની તરસ છિપાવવા માટે આમ નાગરિકો તેમજ સેવાભાવી સંસ્થાઓ સ્વખર્ચે પરબ કાર્યરત કરે છે પરંતુ નગરની મધ્યમાં સ્થિત ડેપો સંકુલમાં જ આ મામલે દિવા તળે અંધારા જેવી દયાજનક સ્થિતિ છે.

શહેરના એસ ટી ડેપોમાં મુસાફરોને લગતી અન્ય સુવિધાઓ ઉભી કરવાના મામલે એસ ટી ડેપો નિરસતા સેવી રહ્યુ છે. જયારે આમ નાગરિકોની સલામત સવારીના અંતે કરોડોની આવક કરતા ગાંધીનગર ડેપોમાં મુસાફરોને પીવાનુ ઠંડુ પાણી પણ નસીબ થતુ નથી. ગરમીની સિઝન શરૂ થઈ ત્યારથી એસ ટી ડેપોમાં ઠંડા પાણીના વોટર કુલર બંધ હાલતમાં છે. આમછતા હજુ સુધી વોટર કુલર ચાલુ થયા નથી. એસ ટી ડેપો દ્વારા આ બંધ કુલરો સમારકામ માટે મોકલ્યા બાદ લાંબા સમયના અંતે પણ હજુ સુધી કુલર રીપેરીંગ થયા નથી. જેના લીધે આકરી ગરમીમાં ડેપો સંકુલમાં આવતા મુસાફરોને પીવાનુ ઠંડુ પાણી પણ મળતુ નથી. ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ડેપોની હાલત છેવાડાના ગામથી પણ જાય તેવી છે. મુસાફરોની સલાતમીના મામલે

● અનુસંધાન પાન-૭ પર

# ૨૦૧૪ કરતાં ૨૦૧૯માં ઉમેદવારોની સંખ્યા વધી

**બનાસકાંઠામાં ઉમેદવારોની સંખ્યા સરખી રહી તો ૧૪ બેઠકો પર ઉમેદવારો વધ્યા ૧૧માં ઉમેદવારો ઘટ્યા**

ગાંધીનગર, તા. ૯

આગામી ૨૩મીએ લોકસભાની યોજાનાર સામાન્ય ચૂંટણીમાં ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થયા પછી રાજકીય વર્તુળોમાં તેને લઈ અનેકવિધ પ્રકારના વિશ્લેષણોનો દોર આરંભાયો છે.

૨૦૧૪ની સામાન્ય ચૂંટણી કરતાં ૨૦૧૯માં ઉમેદવારોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. જોકે બનાસકાંઠાની એક માત્ર બેઠક એવી છે જયાં ૨૦૧૪ અને ૨૦૧૯માં ચૂંટણી લડતા ઉમેદવારોની સંખ્યા એક સરખી નોંધાઈ છે.

આ વિશ્લેસકોના જણાવ્યાનુસાર રાજયની ૨૬ બેઠકોમાંથી ૧૧ બેઠકો એવી છે જયાં ૨૦૧૪ કરતાં ઓછો ઉમેદવારો નોંધાયા છે. આ બેઠકોમાં પાટણ, મહેસાણા, ગાંધીનગર, રાજકોટ, અમરેલી, ભાવનગર, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ અને વલસાડ બેઠકનો સમાવેશ થાય છે.

ગાંધીનગર બેઠક પર ગઈ વખતે ૧૮ ઉમેદવારો હતા આ

● અનુસંધાન પાન-૭ પર

## ખેડા-મહિસાગરમાંથી બેલેટ-યુનિટ લવાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર બેઠક પર લોકસભાના જંગ માટે ગઈકાલે ચિત્ર સ્પષ્ટ થયા બાદ હવે બીજા બેલેટ યુનિટની ફાળવણી માટે તંત્રએ તૈયારીઓ હાથ ધરી છે. મળતી વિગતો પ્રમાણે ખેડા અને મહીસાગર જિલ્લામાંથી ખૂટતા બીજા બેલેટ યુનિટ એક-બે દિવસમાં મેળવી લેવામાં આવશે. આ પછી આ બેલેટ યુનિટને લઈ ફર્સ્ટ લેવલ ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવશે. જે પછી તેનુ રેન્ડમાઈઝેશન કરી અને સાત વિધાનસભા વિસ્તારોને સોંપવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ સપ્તાહના અંત સુધીમાં આ કાર્યવાહી સંપન્ન કરી દેવામાં આવશે. જિલ્લાતંત્ર દ્વારા હાલ તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

ગઈકાલે આ જંગ માટે ૧૭ ઉમેદવારો મેદાનમાં છે. ૨૦૧૪ના જંગ કરતાં ઉમેદવારની સંખ્યામાં ૧ ઘટાડો જરૂર નોંધાયો છે પણ આ વખતના જંગ માટે બે બેલેટ યુનિટની જરૂર પડશે. છેલ્લા ત્રણેય જંગમાં બે-બે બેલેટ યુનિટથી જંગ ખેલાયો છે જે નોંધનીય છે.

ગાંધીનગર બેઠક પર ૧૯ લાખ કરતાં વધુ મતદારો નોંધાયેલા છે.

# ગાંધીનગર બેઠક પર ઉમેદવારોને પ્રતિક ફળવાયા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં અપક્ષો અને નોંધાયેલ રાજકીય પક્ષોના ઉમેદવારોને પ્રતિકની ફાળવણી કરી દેવામાં આવી છે.

પીપલ્સ પાર્ટી ઓફ ઈન્ડિયાના ઉમેદવારે બ્લેકબોર્ડ, જન-સત્ય પથ પાર્ટીના ઉમેદવારે વાયોલીન, હિન્દુસ્તાન નિર્માણ દળના ઉમેદવારે પાણીની ટાંકી, બહુજન મુક્તિ પાર્ટીએ ખાટલાની તો રાઈટ ટુ રિકોલ પાર્ટીના ઉમેદવારે ઓટોરીક્ષા, ગરવી ગુજરાત પાર્ટીના ઉમેદવારે ટ્રેક્ટર ચલાવતો ખેડૂત, બહુજન સુરક્ષા દળના ઉમેદવારે સ્ટેથોસ્કોપના ચિહ્નની પસંદગી કરી છે.

જ્યારે અપક્ષ ઉમેદવારોએ શીશી, શેરડી-ખેડૂત, કીટલી, ટુથબ્રશ, હેલિકોપ્ટર, હીરો તેમજ સાત કિરણો સાથે કલમની ટાંક પર પસંદગી ઉતારી છે.

ગાંધીનગર બેઠક પર ભાજપ-કોંગ્રેસ તેમજ બસપાના ઉમેદવારો ઉપરાંત ૧૭ ઉમેદવારો મેદાનમાં છે.

# હવે મધુ શ્રીવાસ્તવે મીડિયા કર્મીઓને પણ ચેતવણી આપી

**પંચે નોટિસ આપ્યા બાદ ધારાસભ્યની દાદાગીરી : ભાજપ ધારાસભ્યની આટલી બધી દાદાગીરી છતાં પક્ષ, પોલીસ કે સત્તાવાળા કેમ પગલાં લેતા નથી તે મુદ્દે સવાલો**

અમદાવાદ,તા. ૯

લોકસભાની ચૂંટણી પહેલાં વાઘોડિયાના ધારાસભ્ય સતત વિવાદોના ઘેરામાં આવી રહ્યા છે. ચૂંટણી પંચે મધુ શ્રીવાસ્તવને કારણ દર્શક નોટિસ આપ્યા બાદ મીડિયા કર્મીઓ ઈન્ટરવ્યૂ લેવા માટે મધુ શ્રીવાસ્તવની ઓફિસ પર પહોંચ્યા હતા. જ્યાં મધુ શ્રીવાસ્તવે મીડિયા કર્મીઓને ધમકી આપી હતી કે, હું મધુ શ્રીવાસ્તવ છું, તમે જ્યાં નોકરી કરો છો ત્યાંથી તમારે છોડવુ પડશે. ભાજપના ધારાસભ્યએ બિલકુલ લુખ્ખાગીરી કરતાં મીડિયાકર્મીઓને જોઈ લેવાની ખુલ્લેઆમ ધમકી આપતાં ભારે ચકચાર મચી ગઈ હતી. ભાજપના ધારાસભ્યની આટલી બધી દાદાગીરી છતાં પક્ષ, પોલીસ કે સત્તાવાળાઓ કેમ કોઈ પગલાં લેતા નથી તે મુદ્દે હવે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. લોકસભા બેઠકના ભાજપના ઉમેદવારના ચૂંટણી પ્રચારની જાહેર સભામાં ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે મતદારોને કમળને મત નહીં આપો તો ઠેકાણે પાડી દેવાની ધમકી ઉચ્ચારી હતી અને મીડિયાને પણ ધમકી આપી હતી. ત્યારબાદ ફરીથી મધુ શ્રીવાસ્તવને મીડિયાને ધમકી આપી છે.

મધુ શ્રીવાસ્તવે ઉશ્કેરાઈ જઈને મીડિયા કર્મીઓને ઓફિસમાંથી બહાર કાઢી મૂકીને તેમને જોઈ લેવાની ધમકી ઉચ્ચારી હતી. તેમણે તા.૨૩મી એપ્રિલ પછી તેમનો દિવસ શરૂ થશે અને મીડિયાને જોઈ લઈશ તેવી ખુલ્લી ધમકી ઉચ્ચારી હતી. મધુ શ્રીવાસ્તવને આખા વડોદરા શહેરના વાયર કાપી નાંખવાની પણ ધમકી આપી હતી. ઉલ્લેખનીય છે કે, પોતાના વિવાદાસ્પદ ભાષણ અંગે વડોદરા જિલ્લા મુખ્ય ચૂંટણી અધિકારીએ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવને કારણદર્શક નોટિસ પાઠવીને ત્રણ દિવસમાં જવાબ માંગ્યો છે, ત્યારે ૭૨ કલાકમાં જ મધુ શ્રીવાસ્તવ મીડિયાકર્મીઓને ખુલ્લેઆમ ધમકી આપી નવા વિવાદમાં સપડાયા છે.



ચૈત્ર માસમાં દાન પુણ્યનું અનેરું મહાત્મ્ય છે. ચૈત્રી નવરાત્રી ચાલી રહી છે ત્યારે અબોલ પંખીઓને ચણ નાંખી ભાવિકો પુણ્યનું ભાથુ બાંધી રહ્યા છે.

# મુખ્યમંત્રીના પત્ની પણ અંજલીબેન પ્રચારમાં જોડાયા

ગાંધીનગર, તા.૯

લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો અને કાર્યકરો દ્વારા ગામડે ગામડે જઈ પ્રચાર કરી રહ્યા છે. રાજકોટ બેઠક પર ભાજપના ઉમેદવાર મોહન કુંડારીયા તરફથી સીએમના પત્ની અંજલીબેન રૂપાણીએ મોરચો સંભાળ્યો હોય તેમ રાજકોટ શહેરમાં વિવિધ વિસ્તારોમાં તડકામાં પણ પ્રચાર કરી રહ્યા છે. અંજલીબેન શહેરમાં કોઈના મકાનની દિવાલ પર ભાજપની ઝંડી લગાડતા હોય તેમ નજરે પડ્યા હતા.

સુત્રોમાંથી જાણવા મળ્યું છે કે, રાજકોટ બેઠકની જવાબદારી વિજય રૂપાણીએ પોતાના પત્ની અંજલીબેનને આપી છે. ભાજપની ટોપી પહેરી મોટી સંખ્યામાં મહિલા કાર્યકરો સાથે અંજલીબેન વિવિધ વિસ્તારોમાં ફરી રહ્યા છે અને ભાજપનો પ્રચાર કરી રહ્યા છે.

# મોદી આજે ગુજરાતમાં

**જૂનાગઢ અને સોનગઢમાં જાહેરસભા સંબોધશે : રાજકોટમાં એરપોર્ટ રોડ પર રિહર્સલ કરાયું : જૂનાગઢમાં ૧૪ ડીવાયએસપી અને ૮ એસપીની જડબેસલાક સુરક્ષા**

અમદાવાદ, તા.૯

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્યારે પ્રચારનો દોર ચરમસીમા ઉપર પહોંચી ગયો છે. આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આક્રમક ચૂંટણી પ્રચાર કરવા માટે પહોંચી રહ્યા છે. ભાજપના પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ આજે કહ્યું હતું કે, ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્ર મોદી આવતીકાલે ગુજરાત સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં જંગી જાહેરસભા કરશે. તેમણે કહ્યું હતું કે, સૌરાષ્ટ્રમાં જૂનાગઢ અને દક્ષિણ ગુજરાતમાં સોનગઢ ખાતેથી ભાજપના ઉમેદવારોને જીતાડવા મતદારોને અપીલ કરશે. મોદી આગામી ત્રીજા ચરણની ગુજરાતની ચૂંટણી હેઠળ ગુજરાતમાં વિજળીવેગે પ્રવાસ ખેડવાના છે. પ્રજાજનોમાં અનેરો ઉત્સાહ છે. સવારે નવ વાગે જૂનાગઢ લોકસભા સીટના સંદર્ભમાં કૃષિ યુનિવર્સિટી રમત-ગમત મેદાન ખાતે જાહેર સભા થશે જ્યારે સોનગઢ વ્યારામાં બપોરે ૧૨ વાગે જાહેર સભા થશે. મોદી રાજકોટમાં ટુંકુ રોકાણ કર્યા બાદ જૂનાગઢમાં સભા કરનાર છે. મોદીની સભા અને કાર્યક્રમોને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. વડાપ્રધાનના સભાસ્થળે તૈયારીને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. બીજીબાજુ, વડાપ્રધાનના આગમનને લઈ લોખંડી સુરક્ષા વ્યવસ્થા ખડકી દેવાઈ છે. મોદીની સુરક્ષામાં ૧૩૦૦ પોલીસ જવાનો ખડેપગે રહેશે. રાજકોટ ખાતે એરપોર્ટ રોડ પર રિહર્સલ કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સભામાં પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત તૈનાત કરાયો છે.

## ગરમીની સાથે શાકભાજીના ભાવમાં ભડકો, ગૃહિણીઓનાં બજેટ ખોરવાયાં

ગાંધીનગર,તા.૯

કાળઝાળ ગરમીની શરૂઆતની સાથે સાથે જ બજારમાં મળતા ભીંડાથી લઈને ભાજી સુધીના વધેલા ભાવ ગૃહિણીઓને દઝાડી રહ્યા છે. નિયમિત પાક ગણાતા ભીંડા તુરિયાં કે ટીંડોળાના ભાવ પણ આસમાને છે તો ઉનાળાના સિઝન ગણાતાં તુરિયાં, ગલકાં અને ગવાર ઊંચા ભાવે વેચાઈ રહ્યાં છે. જેના પ્રમાણમાં ફળોના ભાવ ગૃહિણીઓના બજેટને ભર ઉનાળે ઠંડક આપી રહ્યા છે. દ્રાક્ષ, તરબૂચ, ટેટી, દાડમ અને કેળાંના ભાવ ભર ઉનાળે લોકોનાં ખિસ્સાંને પોસાય તે ભાવે વેચાણ થઈ રહ્યાં છે.

સિઝનલ ફળોના ભાવમાં ગત વર્ષની સરખામણીએ કિલો દીઠ રૂ. ૧૦ થી ૧૫નો ઘટાડો નોંધાયો છે. હજુ કેરીની સિઝન શરૂ થઈ નથી. છેલ્લા એક અઠવાડિયામાં શાકભાજીના ભાવ ૨૦ થી ૩૦ ટકા વધ્યા છે. એપીએમસી માર્કેટના વેપારી જયેશ પટેલે કહ્યું હતું કે દક્ષિણ ગુજરાતથી આવતા રેગ્યુલર પાક ગણાતા દૂધી, ભીંડા, પરવળ, ગલકાં, તુરિયાંના ઉત્પાદનમાં ૩૦ ટકાનો ઘટાડો થયો છે. નબળો વરસાદ, ઓછું ઉત્પાદનના કારણે શાકભાજીના ભાવ ઊંચકાયા છે. જેમાં કારેલાં, ભીંડા અને ટીંડોળાંની માગ વધુ હોઈ તેના ભાવ સૌથી વધારે છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com